## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




આપણે જલ્દી કાંઇક કરવુ જોઇએ આ લોકો બધો વિકાસ કરી નાખશે તો આપણે પછી શું કરીશુ...!!



વૉર્ડ નં. ૧૦ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ, કોર્પોરેટર મહેન્દ્રભાઈ દાસ, પોપટસિંહ ગોહિલ, વૉર્ડ પ્રમુખ મનીષ પટેલ, મહામંત્રી જૈમિન વૈદ્ય, રાજભા વાઘેલા અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાયેલા વૃક્ષારોપણ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વસાહતીઓ જોડાયા હતા.

## અસારવા ખાતે અપંગ માનવ સેવા સંઘ સંસ્થા દ્વારા અનાજ કીટનું વિતરણ



ચિલોડા, તા. ૧૩
અસારવા ખાતે અપંગ માનવ સેવા સંઘ સંસ્થા દ્વારા ૧૦ અપંગ અને વિધવા બહેનોને દાતાશ્રી અરવિંદભાઈ એન. શાહ સહયોગથી અનાજ કીટનું વિતરણ કરવામાં આવ્યું. આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટીઓ અને સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## ઈન્ફોસીટી પોલીસ મથક વિસ્તારમાં ત્રણ વાહનચોરીના બનાવ બન્યા

ગાંધીનગર, તા.૧૩
શહેરના ઈન્ફોસીટી સુપરમોલ-૧ એસબીઆઈ બેંકની આગળ ખુલ્લી જગ્યામાં પાર્ક કરેલા એકટીવા, કુડાસણ સ્વસ્તિક સોપાન ફલેટની પાછળ ખેતર પાસે પાર્ક કરેલા બાઈક તેમજ સરગાસણ સ્વાગત અફોર્ડના પાર્કિંગમાંથી બાઈકની ઉઠાંતરી થઈ છે. ઈન્ફોસીટી પોલીસ મથકના વિવિધ વિસ્તારમાં ત્રણ વાહનચોરીના કિસ્સા સામે આવ્યા છે.

મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૭ આનંદનગર સોસાયટી પ્લોટ નં.૬૦ ખાતે ચેતનસિંહ ચંદ્રસિંહ ચાવડા પરિવાર સાથે રહે છે. તેઓ ઘ-૨ ખાતે જયભવાની ટ્રેડર્સ નામે હાર્ડવેરની દુકાન ચલાવે છે. યુવકના નામે હોન્ડા એકટીવા નં. જી.જે.૧૮.એ.ક્યુ.-૭૩૭૫ છે. જયારે એકટીવાનો ઉપયોગ તેમની દિકરી કરે છે. ઈન્ફોસીટી ખાતે એકટીવા લઈને કલાસીસમાં ગઈ હતી. ત્યારે એકટીવા સુપરમોલ-૧ એસબીઆઈ બેંક સામે ખુલ્લી જગ્યામાં સવારના આઠ વાગે પાર્ક કર્યું હતું. કલાસીસ પુરા કરીને દશ વાગે આવીને યુવતિએ જોયુ તો એકટીવા પાર્ક કરેલી જગ્યા પર ન હતું. જેથી યુવતિને એકટીવા ચોરી અંગે તેના પિતાને જાણ કરી હતી. જેથી તેઓ તાત્કાલીક આવીને ઈન્ફોસીટીની આસપાસના વિસ્તારમાં શોધખોળ આદરી હતી.પરંતુ એકટીવા મળી ન આવતા એકટીવા ચોરી અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

જયારે કુડાસણ સ્વસ્તિક સોપાન બિલ્ડીંગની પાછળ આવેલા ચૌહાણનો કુવો ખાતે ભરતસિંહ રજુજી ચૌહાણ પરિવાર સાથે રહીને ખેતીકામ કરે છે. જયારે તેઓએ તેમની પત્નિના નામે સ્પ્લેન્ડર બાઈક નં. જી.જે.૧૮.ડી.એન.-૮૯૦૪ છે.

તા.૮ જુલાઈના રોજ બપોરે ૧૨ વાગે ભરતસિંહ બાઈક લઈ ચૌહાણના કુવાથી સ્વસ્તિક સોપાન બિલ્ડીંગની પાછળ આવેલા ખુલ્લા ખેતરમાં ઘાસચારો લેવા માટે ગયા હતા. જયારે એક વાગે ઘાસચારો લઈ પરત ફર્યા હતા. તે સમયે પાર્ક કરેલી જગ્યા પર બાઈક ન હતું. બાઈકની આસપાસના વિસ્તારમાં તપાસ કરી હતી પરંતુ બાઈક મળી આવ્યું ન હતું. જેથી યુવકે રૂ.૩૫ હજારના બાઈક ચોરી અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

જયારે ત્રીજા બનાવમાં સરગાસણ સ્વાગત અફોર્ડ સોસાયટી ખાતે મિત્રો સાથે રહે છે અને ગીફટસીટી ખાતેએનલોક ડીવાઈસીસ કંપનીમાં પ્રોગામર એનાલીસ્ટ તરીકે ખાનગી નોકરી કરે છે. યુવકના કાકાના સ્પ્લેન્ડર બાઈક નં.જી.જે.૨૫.એચ.-૩૯૩૨ હતું. ત્યારે ગત તા.૮ જુલાઈના રોજ રાત્રીના આશરે સવા નવ વાગે બાઈક સ્વાગત અફોર્ડ સોસાયટીના પાર્કિંગમાં પાર્ક કરી મારા રૂમ પર જતો રહ્યો હતો.બીજા દિવસે સવારે દશ વાગે ચા પીવા જવા પાર્ક કરેલી જગ્યા પર બાઈક લેવા જતા બાઈક ન હતું.સોસાયટીમાં તેમજ આસપાસના વિસ્તારમાં બાઈક અંગે શોધખોળ આદરી હતી પરંતુ બાઈક મળી ન આવતા રૂ.૧૨ હજારના બાઈક ચોરી અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

## એસ.ટી ડેપોમાંથી એમબીએના વિદ્યાર્થીના આઈફોનની ચોરી

ગાંધીનગર, તા.૧૩
પથિકાશ્રમ એસ.ટી.ડેપો પ્લેટફોર્મ નં.૧૦ ખાતેથી મુસાફરના ખિસ્સામાંથી રૂ.૬૮ હજારનો આઈફોનની ચોરી થવા પામી છે. યુવકે સેકટર-૭ પોલીસ મથકે મોબાઈલ ચોરી અંગે ફરીયાદ નોંધાઈ છે. મળતી વિગત મુજબ હિંમતનગર પાણપુર પાટીયા અમીન પાર્ટી પ્લોટ પાસે હસનૈન પોતાના પરીવાર સાથે રહે છે.જયારે યુવક એનઆઈસીએમ ખાતે એમ.બી.એ.નો અભ્યાસ કરે છે. યુવક પાસે આઈફોન-૧૪ સ્ટારલાઈટ વ્હાઈટ કલરનો છે. ગત તા.૫ જુલાઈના રોજ સવારે નવ વાગે એનઆઈસીએમ ખાતે પરીક્ષા આપવા માટે ગયો હતો. યુવક બપોરે સવા બાર વાગે કોલેજમાંથી પરીક્ષા આપી ઘરે જવા માટે એસટી ડેપો ખાતે આવ્યો હતો.

રાજકોટ અંબાજી બસ આવતા તેમાં બેસવા માટે જતા મુસાફરોની ભીડભાડમાં ધક્કામુકી થઈ હતી. તે સમયે યુવકના પેન્ટના ખીસ્સામાં મોબાઈલ હતો. પરંતુ થોડીવાર પછી મોબાઈલ ચેક કરતા ખીસ્સામાંથી ચોરી થઈ ગયો હતો. બસના કડંકટરને બસ ઉભી રાખવા માટે જણાવતા તેમણે બસ ઉભી રખાવી હતી. પરંતુ બસમાં તપાસ કરવા છતા મોબાઈલ મળી આવ્યો ન હતો. યુવકે રૂ.૬૮હજારના આઈફોન ચોરી અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

## તંત્રની કનડગત સામે શાક માર્કેટના વેપારીઓએ બંધ પાળ્યો



ગાંધીનગર, તા.૧૩
સેક્ટરના મુખ્ય માર્કેટના વેપારીઓએ સ્વયંભૂ બંધ પાળી મનપાની કનડગતનો વિરોધ કર્યો હતો. મનપાના અધિકારીઓ વારંવાર દંડ ફટકારતા હોવાથી વેપારીઓ રોષે ભરાયા છે.

ગાંધીનગર મહાનગર પાલિકાના અધિકારીઓ - કર્મચારીઓનો ત્રાસ વધતો જતો હોવાની ફરિયાદ વેપારીઓ કરી રહ્યા છે. સેક્ટર-૨૧ શહેરનું મુખ્ય માર્કેટ ગણાય છે.

આ બજારમાં ઘણા વેપારીઓની નાની-મોટી દુકાનો આવેલી છે. શાકમાર્કેટ પણ અહીંનું ખૂબ મોટું છે. મનપાના અધિકારીઓ છેલ્લા ઘણા સમયથી અહીં પોતાની મનમાની કરે છે. દિવસ દરમિયાન ગમે ત્યારે આવી ચઢતા અધિકારીઓ વેપારીઓ પાસેથી વિવિધ કારણોસર મસમોટો દંડ વસુલતા હોવાની ફરિયાદ છે. વારંવાર દંડ વસુલાતા વેપારીઓ ત્રાસી ગયા હતા. છેલ્લા ગણા સમયથી અધિકારીઓનો ત્રાસ વધી જતા વેપારીઓએ બંધ પાળી તેનો વિરોધ કર્યો છે. આજે શાકમાર્કેટ બંધ રહેતા વસાહતીઓને પણ તકલીફ થઈ હતી.

## શેરથા ગામે ખેતરની ઓરડીમાંથી રૂ.૩૮ હજારના વાયરોની ચોરી

ગાંધીનગર, તા.૧૩
શેરથા ગામના હસમુખભાઈ પટેલના બોરકુવા પરથી વિવિધ વાયર ચોરી કરી અજાણ્યા શખ્સોએ રૂ.૩૮ હજારથી વધુના વિવિધ પ્રકારના વાયર ચોરી કરી જતા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે

મળતી વિગત મુજબ શેરથા ગામની સીમમાં રાત્રીના સમયે ચોર શખ્સોએ ખેતરની ઓરડીનો નકુચો તોડી અંદર પ્રવેશી ટયુબવેલમાં ફીટ કરેલ કોપર કેબલ ૩૫ એમએમ ફીટનેશવાળો આશરે ૮૦ ફુટ, ઈલેકટ્રીક પેનલ બોર્ડનો કોપર વાયર ૩૦ ફુટ તેમજ પંખાનો કોટેડ ઈલેકટ્રીક વાયર ૧૦ ફુટ, ઈલેકટ્રીક બોર્ડમાં ફીટ કરેલા ૬ ફયુઝ ૫૦૦ વોટના કુલ મળી કિં.૩૮,૮૦૦ ની ચોરી કરી ચોર શખ્સો પલાયન થઈ જતા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

## શીલજ માર્ગ પરથી બ્રેઝા ગાડીમાંથી ૯૮૬ લીટર દેશી દારૂ ઝડપાયો

ગાંધીનગર,તા.૧૩
ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના ડાભલા-શીલજ રોડ પરથી બ્રેઝા ગાડીમાંથી ૨૯ કટ્ટામાંથી ૯૮૬ લીટર દેશીદારૂ ઝડપી પાડ્યો હતો. પોલીસે કારઅને દારૂ મળી કુલ રૂ.૫.૨૪ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ડ્રાઈવરને પકડી પાડી એલસીબી-૨ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગત મુજબ ગાંધીનગર એલસીબી-૨ ની ટીમ કલોલના સાંતેજ પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ડાભલા ચોકડી પાસે આવતા સાથે રહેલા હેડ કોન્સ્ટેબલ રાકેશસિંહ મુકેશસિંહ અને દિગ્વિજયસિંહ ચંદનસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે એક સફેદ કલરની બ્રેઝા કાર કડી થોર રોડ પરથી દારૂ ભરીને ડાભલા ચોકડી થઈને અમદાવાદ તરફ જવાની છે. જેથી ડાભલા ચોકડી થી શીલજ તરફ જતા રોડ ઉપર (રાંચરડા) વોચ ગોઠવી દીધી હતી. ત્યારે બાતમીવાળી ગાડી નં.જી.જે.૦૧.એચ.ઝેડ-૪૫૬૦ દુરથી આવતા સરકારી ગાડીની આડશ કરી રોકી દેવામાં આવી



હતી. જયારે ડ્રાઈવરની પુછપરછ કરતા તેને પોતાનુ નામ અશ્વિન વાસુદેવ જોશી (રહે. અંબિકાનગર મલાઈ તળાવ પાસેના છાપરા થલતેજ) હોવાનું જણાવ્યું હતું. પોલીસે બ્રેઝાની અંદર તપાસ કરતા મીણીયાના થેલાના ૨૯ કટ્ટા મળી આવ્યા હતા. જયારે તેમાંથી ૪૯૩ પાઉચ એટલે કે ૯૮૬ લીટર દેશીદારૂ હતો. ડ્રાઈવરે ખુલાસો કર્યો હતો કે બલાસર ગામ કેનાલ પાસેથી એક શખ્સે દારૂ ભરી આપ્યો હતો.એલસીબી-૨ પોલીસે દેશી દારૂ કિં.રૂ.૧૯,૭૨૦, એક મોબાઈલ કિં.૫ હજાર તેમજ રૂ.૫ લાખની ગાડી મળીકુલ રૂ.૫,૨૪,૭૨૦ નો મુદ્દામાલ કબ્જે કરી ડ્રાઈવરને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર શહેર-જિલ્લામાં વરસાદે વિરામ લીધા પછી વીજમાંગમાં વધારો થયો છે.

● શહેરમાં સ્ટ્રોમ વૉટર લાઈન નાખવાના નિર્ણય પછી કાઉન્સીલરો દ્વારા આવા સ્થાનો સૂચવવા માટે સેકટરોના રાઉન્ડ શરૂ કર્યા છે.

● ગાંધીનગર શહેરમાં કાદવ-કીચડ ઓછા થતાં અને પાણી સુકાતા વસાહતીઓએં રાહતનો શ્વાસ જરૂર લીધો છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ અને પદાધિકારીઓની મુદત સપ્ટેમ્બરમાં પૂર્ણ થઈ રહી છે ત્યારે પક્ષના કાર્યકરોમાં દબાતા સ્વરે ચર્ચાઓ અને રજુઆત કેવી રીતે કરવી તેની ગોસિપો શરૂ થઈ છે.

● ગાંધીનગર જિલ્લાની કચેરીઓમાં આજે મુલાકાતીઓની સંખ્યા ઓછી જણાઈ હતી.

● રાજ્યના માર્ગ-મકાન વિભાગે ૨૦ કાર્યપાલક ઈજનેરોની બદલીના હુકમો જારી કર્યા છે.

● જી-૨૦ નાણાંમંત્રીઓ અને સેન્ટ્રલ બેંક ગર્વનરો અને જી-૨૦ ફાયનાન્સ અને સેન્ટ્રલ બેંક ડેપ્યુટીની ત્રીજી બેઠક કાલથી ગિફટસીટી ખાતે શરૂ થશે.

● આજે માણસામાં માણસાપાલિકાના બગીચાની બહાર જિલ્લા કોંગ્રેસ દ્વારા વિપક્ષના નેતા અમીત ચાવડા અને જગદીશ ઠાકોરની ઉપસ્થિતિમાં જનમંચનો કાર્યક્રમ યોજાયો છે.

● વિશા-દિશાવાળ મહિલા મંડળ કલોલ દ્વારા આંગણવાડીના બાળકોને તિથિભોજન કરાવવામાં આવ્યું હતું.

● કલોલ જાયન્ટસ દ્વારા ફોર્મર પ્રેસીડેન્ટ ફોરમની બેઠકનું આયોજન કરાયુ હતુ.

● રાંદેસણ ખાતે આવેલ ઊર્જાનગર વિ-૧ માં સ્વચ્છ ગાંધીનગરને લઈ એક સેમિનારનું આયોજન કરાયું હતું.

● શેરથા ગામની સીમમાં આવેલ ઓરડીમાંથી તસ્કર ૩૮ હજારની ચોરી કરી ફરાર થયો.

● નાંદોલથી અમદાવાદ લઈ જવાતો ૧૪૪ લીટર દેશી દારૂનો જથ્થો જપ્ત કરાયો.

● ગાંધીનગર એલ.સી.બી.એ થોરથી સાંતેજ રોડ પરથી ૯૮૬ લીટર દેશી દારૂનો જથ્થો ઝડપ્યો.

● ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારના માર્ગોની હાલત ખરાબ થતાં ગ્રામીણ વિસ્તારના વાહન-ચાલકો પણ પરેશાન થઈ રહ્યા છે.

● ગાંધીનગર શહેરમાં વૃક્ષારોપણની કામગીરી લોકોએ શરૂ કરી દીધી છે.

● ગાંધીનગર શહેરમાં ચોમાસાના પગલે જાહેર પાર્કિંગની સમસ્યા વધુ ઘેરી બની છે.

● વરસાદી માહોલને પગલે મોર્નિંગ વોકર્સની સંખ્યા ઘટી છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયતની ખાલી પડેલી બેઠકની પેટા-ચૂંટણી ક્યારે યોજાશે તેની ચર્ચાઓ રાજકીય ગલિયારીઓમાં સાંભળવા મળી રહી છે.

## પાનસર પગાર કેન્દ્ર શાળા ખાતે તાલુકાની શૈક્ષણિક સંકલન બેઠક




ગાંધીનગર,તા.૧૩
તાઃ૧૧/૭/૨૦૨૩ના રોજ કલોલ તાલુકાની તમામ પ્રાથમિક શાળાના આચાર્યશ્રીઓની માનનિય જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી ની અધ્યક્ષતામાં ગુણોત્સવ ૨.૦ સમીક્ષા તેમજ આગામી વર્ષના શૈક્ષણિક આયોજન માટેની સંકલન બેઠક પાનસર પગાર કેન્દ્ર શાળા ખાતે યોજવામાં આવી. જેમાં તાલુકા લાયઝન હંસાબેન, જીજ્ઞાબેન ટી ટી (સમગ્ર શિક્ષા), તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી કલોલ, કેળવણી નિરીક્ષક શ્રી, બી.આર.સી કો ઓ.શ્રી ,કલોલ તાલુકાના તમામ સી.આર.સી.કો હાજર રહેલ,જેમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સાહેબ શ્રી દ્વારા ખૂબ જ ઝીણવટપૂર્વક એમની આગવી શૈલીમાં ગુણોત્સવ ૨.૦ તેમજ આગામી સત્રના શૈક્ષણિક આયોજન સંદર્ભે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી દ્વારા સમગ્ર કલોલ ટીમ તેમજ પાનસર શાળાપરિવારનો હદય પૂર્વક આભાર વ્યક્ત કરી કાર્યક્રમ સંપન્ન થયો હતો.



સેકટર-૫ પંચમુખ મહાદેવ શિવશક્તિ મંદિર ખાતે બિસ્કીટના હિંડોળા યોજાયા હતા. શ્રી રાધાકૃષ્ણ મહિલા મંડળ દ્વારા લાલાના હિંડોળાને બિસ્કીટથી શણગારવામાં આવ્યા હતા.

## બચુભાઈ રાવતની પુણ્યતિથિ નિમિત્તે ગાંધીનગરમાં શ્રદ્ધાંજલિ અર્પિત



ગાંધીનગર,તા.૧૩
વિશ્વ અને ભારત ના ગુજરાતી સાહિત્ય કાર અને સાહિત્ય પ્રેમી જે સંસ્થા સાથે જોડાયેલા છે એવી ગાંધી નગર સાહિત્ય સેવા સંસ્થાન ચેરિટેબલ ટ્રસ્ટ ના પ્રમુખ શ્રી ડૉ ગુલાબ ચંદ પટેલ અને એવી જ સાહિત્ય પ્રેમી હિન્દી સમિતિ રાજસ્થાન જેના અધ્યક્ષ શ્રી વિક્રમ સિંહ રાજપૂત કે જેઓ હિન્દી શાળા ના શિક્ષક અને સંચાલક છે

તેઓ દ્વારા ગાંધી નગર ગુજરાત ના સેકટર ૧૪ ડૉ બાબા સાહેબ આંબેડકર ગાર્ડન ખાતે સાહિત્યકાર અને શિક્ષક પદ્મ શ્રી વિજેતા શ્રી બચુભાઈ રાવત ની પુણ્ય તિથિ નિમિત્તે તારીખ ૧૨ જુલાઈ ૨૦૨૩ ના રોજ શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાઈ ગયો જેમાં સંસ્થા ના ટ્રસ્ટી મહેંદ્ર ભાઈ ચૌહાણ, કોષાધ્યક્ષ શ્રી કાંતિ ભાઈ પટેલ એડવોકેટ, સામાજિક કાર્યકર શ્રીમતી ધર્મીષ્ઠા બેન જયંત ભાઈ ચૌહાણ અને નિમિ શા ગિરીશ ભાઈ પંડયા શક્તિ મંડળ ના પ્રમુખ ઉપસ્થિત રહ્યા હતા